અપીલ અરજી નં.૪૦૦ તા.૧૧–૩–૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૫–૨–૧૧ની અરજીથી એમ.જી. રોડ નં.૬ ઉધના ઉદ્યોગનગરના રોડની પહોળાઈની માહિતી, તથા આ રોડ ઉપર છેલ્લે જી.ઈ.બી. દ.ગુ. વિ.કુ..નું ૬૬ કેવી સબ સ્ટેશન છે. તેનું ટ્રાન્સફોર્મર રોડ ઉપર જ છે તથા દિવાલ પણ રોડ ઉપર ટ્રાન્સફોર્મર તથા દિવાલની કાયદેસરતા પરવાનગી તથા રોડ વિભાગ ધ્વારા જગ્યાની ફાળવણી તથા રોડ ઉપરજ ટ્રાન્સફોર્મર તથા દિવાલ બાંધવા દેવામાં આવેલ છે, તો કોઈ પરવાનગી આપેલી હોય તેની માહિતી યા પરવાનગી ન આપી હોય તો જવાબદાર તેમજ જીઈબી દ.ગુ.વિ.કુ. વિરૂધ્ધ કાર્યવાહી કરવાની થાય તેવા ઉધના ઝોનના જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૦/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૫–૨–૧૧ની અરજીથી એમ.જી. રોડ નં.૬ ઉધના ઉદ્યોગનગરના રોડની પહોળાઈની માહિતી, તથા આ રોડ ઉપર છેલ્લે જી.ઈ.બી. દ.ગુ. વિ.કુ..નું ૬૬ કેવી સબ સ્ટેશન છે. તેનું ટ્રાન્સફોર્મર રોડ ઉપર જ છે તથા દિવાલ પણ રોડ ઉપર ટ્રાન્સફોર્મર તથા દિવાલની કાયદેસરતા પરવાનગી તથા રોડ વિભાગ ધ્વારા જગ્યાની ફાળવણી તથા રોડ ઉપરજ ટ્રાન્સફોર્મર તથા દિવાલ બાંધવા દેવામાં આવેલ છે, તો કોઈ પરવાનગી આપેલી હોય તેની માહિતી યા પરવાનગી ન આપી હોય તો જવાબદાર તેમજ જીઈબી દ.ગુ.વિ.કુ. વિરૂધ્ધ કાર્યવાહી કરવાની થાય તેવા ઉધના ઝોનના જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૫ તા.૧૯–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૨૮૨ તા.૫–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૧૧–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,